# <u>પ્રેસ રીલિઝ</u>

સોમવાર, તા.૨૬ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે ગ.વા.માવલંકર સંસદીય બ્યુરો અને આઈ.ટી.શાખાના સંયુકત ઉપક્રમે ભારત સરકારના સંસદીય કાર્યમંત્રાલયના મિશન મોડ પ્રોજેકટ નેશનલ ઈ–વિધાન એપ્લીકેશન (નેવા) અંગેનો ઓરીએન્ટેશન વર્કશોપ ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના પ્રમુખપદે અને ભારત સરકારના સંસદીય કાર્યમંત્રાલયના સંયુકત સચિવશ્રી તથા નેવાના મીશન લિડર ડો.સત્ય પ્રકાશની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

એકવીસમી સદી એ માહિતીની સદી છે. ડીજીટલ યુગમાં લોકો પાસે સરળતાથી માહિતી મેળવવાના અનેક સ્ત્રોતો ઉપલબ્ધ છે. લોકોને પ્રજાના પ્રતિનિધિ એટલે કે ધારાસભ્યો અને સંસદસભ્યોની કામગીરી અને કાર્યવાહીની સચોટ, સમયસર અને સરળતાથી એક જ જગ્યાએ શી માહિતી મળી રહે તે માટે દેશભરના ૪૦ વિધાનમંડળોને એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવતી નેશનલ ઈ–વિધાન એપ્લીકશેન (નેવા) ભારત સરકારના સંસદીય કાર્યમંત્રાલય ધ્વારા " ડિઝીટલ ઈન્ડિયા " કાર્યક્રમ હેઠળ મિશન મોડ પ્રોગ્રામ તરીકે તૈયાર કરવામાં આવી રહેલ છે. ગુજરાત રાજયમાં ગુજરાત વિધાનસભાના સચિવશ્રી ડી.એમ.પટેલ નેવાના નોડલ અધિકારી છે.

નેવાની વર્કશોપનું ઉદ્દઘાટન કરતાં માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે જેવી રીતે વીસમી સદીમાં ક્રુડ અને પેટ્રોલિયમનો માલિક રાજા ગણાતો તે જ રીતે એકવીસમી સદીમાં જેની પાસે ડેટા કે માહિતીની માલિકી હશે તે જ રાજા ગણાશે. આજના ડીઝીટલ યુગમાં

.૨.

માહિતી અખૂટ છે પરંતુ વિખરાયેલી છે ત્યારે નેવાની એપ્લીકેશન ઘ્વારા દેશના તમામ વિધાનમંડળોની સચોટ અને સ્પષ્ટ માહિતી માત્ર એક જ કલીક ઘ્વારા લોકોને ઉપલબ્ધ થશે.

વર્કશોપમાં ઉપસ્થિત રહેલ ભારત સરકારના સંસદીય કાર્યમંત્રાલયના સંયુકત સચિવ અને નેવાના મિશન લિડર ડો. સત્યપ્રકાશે જણાવ્યું હતું કે નેવા તમામ રાજયના વિધાનમંડળોની કાર્યપઘ્ધતિ ઓટોમેટેડ અને પેપરલેસ બનાવવાની ક્ષમતા ધરાવે છે. તેમણે ગુજરાત વિધાનસભાની નેવા ટીમ ઘ્વારા ગુજરાત નેવા વેબસાઈટની કામગીરીની પ્રસંશા કરી હતી.

ઉકત વર્કશોપમાં ગુજરાત વિધાનસભાના નાયબ સચિવશ્રી એ.બી.કરોવાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. વિધાનસભાના નાયબ સચિવશ્રી સી.બી.પંડયાએ ગુજરાત નેવા ટીમની કામગીરીથી વાકેફ કરી નેવાની ખાસીયતોથી માહિતગાર કર્યા હતા.એન.આઈ.સી.ગુજરાતના શ્રી કન્નનએ નેવા એપ્લીકેશનના વિવિધ મોડયુલ અને ટેકનિકલ બાબતોની જાણકારી આપી હતી.

ઘ્વિ– દિવસીય વર્કશોપના પ્રથમ દિવસે ભારત સરકારની રાષ્ટ્રીય નેવા ટીમના શ્રી સુજીતકુમાર અને પ્રિયંકાએ વર્કશોપમાં ઉપસ્થિત રહી રાજયના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, વૈધાનિક અને સંસદીય બાબતો, જી.આઈ.એલ. તથા વિધાનસભાના અધિકારીઓ તેમજ કર્મચારીઓને નેવા એપ્લીકેશનના વિવિધ મોડયુલોનો પરિચય આપી, પ્રશ્નોત્તરી મોડયુલ, દિવસના કામગીરીની યાદી અંગેનું મોડયુલ,ગૃહના મેજ ઉપર મૂકવાના કાગળોનું

મોડયુલ, નોટિસ મોડયુલ, વિધાનસભાની કાર્યપધ્ધતિ સમજાવી તેમાં લાઈવ ડેટા એન્ટ્રીની સમજણ આપી હતી.

વર્કશોપમાં ગુજરાત રાજયની નેવા ટીમના નાયબ સચિવશ્રી સી.બી.પંડયા, શ્રી ઉપસચિવશ્રી દિનેશ ચૌધરી, સેકશન અધિકારીશ્રી પ્રતિક આચાર્ય, સેકશન અધિકારીશ્રી સંજય કેશવાલા, શ્રી કન્નન, શ્રી નીતિન ટાટુ તથા શ્રી નિકુંજ પ્રજાપતિને રાષ્ટ્રીય એવોર્ડ જીત્યા બદલ માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ઉકત વર્કશોપમાં વૈધાનિક અને સંસદીય બાબતોના સચિવશ્રી સી.જે.ગોઠી, એન.આઈ.સી. ગુજરાતના ઉપમહાનિર્દેશકશ્રી ડી.કે.ઝાલા સહિત કુલ ૬૦ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. વર્કશોપના અંતે તમામ પ્રતિભાગીઓને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવતા હતા તથા સંસદીય બ્યુરોના ડાયરેકટરશ્રી એમ.આઈ.મહેતાએ વર્કશોપમાં ભાગ લઈ તેને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો હતો. વર્કશોપને સફળ બનાવવા બ્યુરો શાખા તથા આઈ.ટી.શાખાના સ્ટાફે સખ્ત જહેમત ઉઠાવી હતી.